# ગાંધીનગરની સરકારી ઈજનેરી કૉલેજમાં અઠવાડિક તાલીમ કાર્યક્રમનો આરંભ



ગાંધીનગર, તા. ૧૧

સરકારી ઈજનેરી કૉલેજના આચાર્ય ડૉ. શ્વેતા પી દવે તથા મેટલર્જી ઈજનેરી વિભાગના વડા ડૉ. આઈ બી દવેના માર્ગદર્શન હેઠળ મેટલર્જી ઈજનેરી વિભાગ અને ગલ્ફ ઍનડીઈ ઈન્ડસ્ટ્રીયલ સર્વિસીસ દ્વારા એક અઠવાડિક ઍનડીટી તાલીમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ગુજરાતની વિવિધ ઈજનેરી કૉલેજ અને પોલીટેકનીકના ૩૧ જેટલા અધ્યાપકો ભાગ લઈ રહ્યા છે. ઍનડીટીને લગતા વિવિધ વિષયો ઉપર આઉટકમ બેઝ્ડ ઍજ્યુકેશન દ્વારા તાલીમાર્થીઓનું સ્કિલ ડેવલપમેન્ટ કરવામાં આવશે. સૅન્ટર ફોર એક્સલન્સ ઈન નોન ડિસ્ટ્રક્ટીવ ટેસ્ટિંગ ફેસિલિટીનું ઉદ્‌ઘાટન સોમવારે ઈન્સ્ટીટ્યુટ ઑફ પ્લાઝમા રિસર્ચ, ભાટના ઍસઓઍફડી ડૉ. નીરવ જમનાપરાના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું.

# સ્વામી વિવેકાનંદ વિદ્યાવિહાર ખાતે વૃક્ષારોપણ



ગાંધીનગર, તા. ૧૧

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત સ્વામી વિવેકાનંદ વિદ્યાવિહાર ખાતેથી આચાર્ય ભાવેશકુમાર ભોગીલાલ જાની નવનિયુક્ત થયા છે. તેમના દ્વારા પ્રથમ દિવસે જિલ્લા શિક્ષણાધિકારી ડૉ. ભરતભાઈ વઢેર અને સંયોજક નટુભાઈ લાડાણી, મંડળના વહીવટી અધિકારી નરસિંહભાઈ પટેલ તથા સ્ટાફમિત્રો અને વિદ્યાર્થીઓ સાથે મળીને શાળાના પરિસરમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. તેમણે દરેક વિદ્યાર્થીને એક છોડનું રોપણ કરવા તથા તેની જાળવણી કરવા માટે અભિપ્રેરીત કર્યા હતા.

## જન્મદિને વધામણી



પી સી ઠાકર
મો. ૯૭૨૭૦ ૫૯૯૭૪



દીપક નગીનદાસ શાહ
મો. ૯૮૯૮૧ ૬૧૬૩૯



આકાશ નારણભાઈ પટેલ
વેસ્ટર્ન એગ્રી સીડ્સ પરિવાર



ડો. વિવેક વાછાણી

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

\- સંપાદક

# જીઆઈપીઍસમાં યોજાઈ ઑબ્જેક્ટ ગેમ ઍક્ટિવિટી



ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લીક સ્કૂલના પ્રિ-પ્રાઈમરી વિભાગમાં બુધવારના રોજ ઓબ્જેક્ટ ગેમની પ્રવૃતિ કરવામાં આવી હતી.. બાળકોને અંગ્રેજી શબ્દકોષનો ઉપયોગ કરવા માટે અભિપ્રેરીત કરવામાં આવ્યાં હતાં. બાળકોને વસ્તુઓનાં નામ, આકાર અને રંગને લગતી વિવિધ રમતો રમાડવામાં આવી હતી. બાળકોએ ઉત્સાહભેર આ રમતોમાં ભાગ લીધો હતો.

## શનિવારે સૅ. ૫બીમાં ભજન સંધ્યા

ગાંધીનગર, તા. ૧૧

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના સહયોગથી ગૌરીવ્રત અને જયા પાર્વતીના વ્રત નિમિત્તે ગાંધીનગર જિલ્લા મહિલા વિવિધ ઉત્પાદક સહકારી મંડળી લિ. દ્વારા તા. ૧૩ જુલાઈ ને શનિવારના રોજ રાત્રે ૮.૦૦ કલાકે મહાકાલી માતાજીના ચોક, સૅક્ટર-૫ બી ખાતે ભજન સંધ્યાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે.

આ કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે પ્રેમલસિંહ પી. ગોલ, ભાનુભાઈ દવે, કેશરીસિંહ બિહોલા, સીતારામભાઈ સાધુ ઉપસ્થિત રહેશે.

ભજન સંધ્યા અંતર્ગત દમયંતિબેન બારોટ, ગોવિંદભાઈ ગઢવી, મનીષભાઈ શ્રીમાળી ભજનવાણી કરશે. કાર્યક્રમનું સંચાલન વીણાબેન સી રાજગોર દ્વારા કરવામાં આવશે. સૌ ભાવિક નાગરિકોને આ કાર્યક્રમનો લાભ લેવા માટે આયોજક સંસ્થાઓ તરફથી આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# ઍસ કે પટેલ સ્કૂલ ખાતે 'જર્મીનેશન' કાર્યક્રમ યોજાયો



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચાલિત એસ કે પટેલ સ્કૂલમાં જર્મીનેશન કાર્યક્રમ યોજાયો. શિક્ષકોએ બાળકોને ગ્રાઉન્ડમાં લાવીને કુંડામાં બીજનું વાવેતર કરાવ્યું હતું અને વૃક્ષારોપણ કરવાથી થતા લાભ સમજાવ્યા હતા. બાળકોએ ઉત્સાહથી આ ઉપક્રમમાં ભાગ લીધો હતો.

# શ્રીમતી આર ઍન પટેલ સ્કૂલમાં તરૂણીઓ માટે માર્ગદર્શન કાર્યક્રમ



ગાંધીનગર, તા. ૧૧

શ્રીમતી આર એન પટેલ પ્રાથમિક શાળા દ્વારા વુમન ડેવલપમેન્ટ સેલ અંતર્ગત બ્રહ્માણી કૃપા હોલમાં ગાંધીનગરનાં ખ્યાત ગાયનેકોલોજીસ્ટ ડૉ. નીતાબેન શેખાતે વિદ્યાર્થિનીઓને મેસ્યુએનસ સાઈકલ અને તે દરમિયાન રાખવી પડતી તકેદારી અંગે વિશદ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ કાર્યક્રમનો લાભ ૧૫૦ જેટલી વિદ્યાર્થિનીઓએ લીધો હતો. કેતનભાઈ, ભગવતીબેન, મનિષાબેન આ પ્રસંગે ઉપસ્થિત રહ્યાં હતાં. કાર્યક્રમનું સંચાલન અર્ચનાબેન દ્વારા કરવામાં આવ્યું હતું.

# ધણપની આદર્શ સંસ્કાર તીર્થ શાળામાં વિશ્વ વસતી દિન નિમિત્તે ચિત્રસ્પર્ધા



ધણપ આરોગ્ય વિભાગના ઉપક્રમે ધણપ આદર્શ સંસ્કાર તીર્થ માધ્યમિક શાળા ખાતે વિશ્વ વસતી દિન નિમિત્તે ચિત્રસ્પર્ધા યોજાઈ હતી, જેમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને ઈનામોથી નવાજવામાં આવ્યા હતા.

## જલદી પાછા ફરો

ગાંધીયાત્રા 150

મારો ધંધો ઠીક ચાલતો હ્તો, પણ તેથી સંતોષ નહોતો રહેતો. જીવન વધારે સાદું થવું જોઈએ, શારીરિક સેવાકાર્ય હોવું જોઈએ, એવી ગડમથલ મનમાં ચાલ્યા જ કરતી.

એવામાં એક દિવસ એક અપંગ, રક્તપિત્તથી પીડાતો માણસ ઘેર આવી પહોંચ્યો. તેને ખાવાનુ આપીને કાઢી મૂકતાં જીવ ન ચાલ્યો. તેને એક કોટડીમાં રાખ્યો. તેના ઘા સાફ કર્યા ને તેની સેવા કરી.


પણ આમ લાંબો વખત ન ચાલી શકે. ઘરમાં હંમેશને માટે તેને રાખવાની મારી પાસે સગવડ નહોતી, મારી હિંમત નહોતી, મેં તેને ગિરમીટિયાઓને અંગે ચાલતી સરકારી ઈસ્પિતાલમાં મોકલ્યો.

પણ મને આશ્વાસન ન મળ્યું. એવું કંઈક શુશ્રૂષાનું કામ હમેશાં કરું તો કેવું સારું ! દા. બૂથ સેન્ટ એડમ્સ મિશનના ઉપરી હતા. તેઓ હંમેશા જે આવે તેને મફત દવા આપતા. બહુ ભલા અને માયાળુ હતા. પારસી રુસ્તમજીની સખાવતને લીધે દા. બૂથના હાથ નીચે એક બહુ નાની ઈસ્પિતાલ ખૂલી. આ ઈસ્પિતાલમાં નર્સ તરીકે કામ કરવાની મને પ્રબળ ઈચ્છા થઈ. તેમાં દવા આપવાને અગેં એકથી બે કલાકનું કામ રહેતું. તેને સારુ દવા બનાવી આપનાર કોઈ પગારદાર માણસની અથવા સવ્યંસેવકની જરુર હતી. આ કામ માથે લેવાનો ને તેટલો સમય મારા વખતમાંથી બચાવવાનો મેં નિશ્ચય કર્યો. મારું વકીલાતનું ઘણું કામ તો ઓફિસમાં બેઠા સલાહ આપવાનું ને દસ્તાવેજો ઘડવાનું અથવા કજિયા ચૂકવવાનું રહેતું. થોડા કેસ મૅજિસ્ટ્રેટની અદાલતમાં હોય. તેમાંના ઘણા તો બિનતકરારી હોય. આવા કેસો જ્યારે હોય ત્યારે તે મિ. ખાન, જે મારી પાછળ આવ્યા હતા અને જેઓ તે વેળા મારી સાથે જ રહેતા હતા, તેમણે ચલાવી લેવાનું માથે લીધું, ને હું આ નાનકડી ઈસ્પિતાલમાં કામ કરતો થયો.

રોજ સવારના ત્યાં જવાનું રહેતું. આવતાં જતાં તેમજ ઈસ્પિતાલમાં કામ કરતાં હમેશાં લગભગ બે કલાક જતા. આ કામથી મને કંઈક શાંતિ થઈ. મારું કામ દરદીનો કેસ સમજી લઈ તે દાકતરને સમજાવવાનું અને દાકતર બતાવે તે દવા તૈયાર કરી દરદીને આપવાનું હતું. આ કામથી હું દુ:ખી હિંદીઓના ગાઢ સંબંધમાં આવ્યો. તેમનામાંનો મોટો ભાગ તામિલ અથવા તેલુગુ અગર તો ઉત્તર હિંદુસ્તાની ગિરમીટીયાઓનો હોય.

આ અનુભવ મને ભવિષ્યમાં બહુ ઉપયોગી નીવડ્યો. બોઅર લડાઈ વેળા ઘાયલોની શુશ્રૂષાના કામમાં ને બીજા દરદીઓની માવજત કરવામાં મને ખૂબ ખપ લાગ્યો.

બાળકોના ઉછેરનો પ્રશ્ન તો મારી સામે હતો જ. દક્ષિણ આફ્રિકામાં મને બીજા બે પુત્રો થયા. તેમને ઉછેરીને કેમ મોટા કરવા એ પ્રશ્નનો ઉકેલ કરવામાં મને આ કામે સારી મદદ આપી. મારો સ્વતંત્ર સ્વભાવ મને બહુ તાવતો અને હજુ તાવે છે.



'સત્યના પ્રયોગો'માંથી સાભાર

# વડોદરાના પ્રતાપનગર પોલીસ હેડ-ક્વાર્ટરમાં મેઘાણી તક્તી અને મેઘાણી સાહિત્ય કોર્નરની સ્થાપના





વડોદરા સ્થિત પ્રતાપનગર પોલીસ હેડ-ક્વાર્ટરમાં મેઘાણી તકતી અને મેઘાણી સાહિત્ય કોર્નરની સ્થાપના સુરક્ષા સેતુ સોસાયટી, વડોદરા શહેર પોલીસ તથા રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીના પૌત્ર પિનાકી નાનકભાઈ મેઘાણી સ્થાપિત ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાન દ્વારા થઈ છે. ઝવેરચંદ મેઘાણીનાં રેખા-ચિત્ર, હસ્તાક્ષર, વડોદરા સાથેનાં સંભારણાંને આલેખતી ૪૮૩ ફૂટની કાળા ગ્રેનાઈટની કલાત્મક તકતી તેમજ ઝવેરચંદ મેઘાણી લિખિત કવિતા, નવલકથા, નવલિકા, નાટક, જીવન-ચરિત્ર, ઈતિહાસ, પ્રવાસ-વર્ણન, સંશોધિત-સંપાદિત લોકસાહિત્ય સંશોધન-વિવેચન, લોકગીતો, લોકકથાઓ એવાં વિવિધ વિષયોનાં ૭૫ જેટલાં પ્રાપ્ય પુસ્તકો ૬X૩X૧ ફૂટનાં આકર્ષક કાચનાં કબાટમાં રીઝર્વ પોલીસ ઈન્સપેકટરની કચેરીમાં મૂકાયાં છે.

ઉલ્લેખનીય છે કે પોલીસ-લાઈન અને પોલીસ-પરિવારમાં જન્મેલા ઝવેરચંદ મેઘાણીની સ્મૃતિમાં મેઘાણી તક્તીની સ્થાપના એમના વિવિધ સ્મૃતિ-સ્થળો : અમદાવાદ મધ્યસ્થ જેલ, સાબરમતી જેલ (આઝાદીની લડત સમયે જે ખોલીમાં રખાયા હતા), રાજકોટ (પ્રદ્યુમ્નનગર પોલીસ સ્ટેશન જ્યાં તે સમયની પોલીસ-લાઈનમાં બાળપણમાં રહેતા હતા), ચોટીલા (ઐતિહાસિક જન્મસ્થળ પાસે આવેલ નવનિર્મિત રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી પોલીસ ભવન), બોટાદ (સ્માર્ટ પોલીસ સ્ટેશન) અને રાણપુર (પોલીસ સ્ટેશન) ખાતે પણ પોલીસ વિભાગ દ્વારા થઈ છે. કારેલીબાગ વિસ્તારમાં આવેલ મહિલા પોલીસ સ્ટેશનમાં પણ મેઘાણી-સાહિત્ય કોર્નરની સ્થાપના થઈ. અમદાવાદ તથા રાજકોટ સ્થિત મહિલા પોલીસ સ્ટેશન ખાતે મેઘાણી સાહિત્ય કોર્નરની સ્થાપના અગાઉ થઈ ચૂકી છે.

વડોદરા શહેરના સાહિત્ય-સંસ્કૃતિ-પ્રેમી પોલીસ કમિશનર અનુપમસિંહ ગહલૌત (આઈપીએસ), ઝવેરચંદ મેઘાણીના પૌત્ર પિનાકી મેઘાણી, નિવૃત્ત એડીજીપી એમ. કે. ટંડન (આઈપીએસ), ડીસીપી સરોજ કુમારી (આઈપીએસ), ડીસીપી એન્દ્રુ મેકવાન, એસીપી વી.પી. ગામિત, આરપીઆઈ પી.આઈ. સૈંદાણે, મહિલા પીઆઈ જે.આર. સોલંકી અને પીએસઆઈ એચ. ડી. વ્યાસ, નિવૃત્ત પોલીસ અધિકારીઓ ભરતસિંહ સરવૈયા અને પી.પી. કાનાણી, ભાલ નળકાંઠા ખાદી ગ્રામોદ્યોગ મંડળ (રાણપુર)ના ચેરમેન ગોવિંદસંગ ડાભી, મનુભાઈ નિર્મલ, વાલજીભાઈ મિસ્ત્રી સહિત મોટી સંખ્યામાં સાહિત્ય-પ્રેમીઓ અને મેઘાણી-ચાહકો ઉપસ્થિત રહ્યાં હતાં.